


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 006
Dt.: 14-09-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### મણિપુરમાં વડાપ્રધાન મોદીનું મોટું એલાન

# વિસ્થાપિતો માટે ૭૦૦૦ મકાન બનાવીશું, ૩૫૦૦ કરોડનું પેકેજ મંજૂર

## ભારત સરકાર મણિપુરના લોકોની સાથે છે : અહીં લોકોના જીવનને ફરી વિકાસના માર્ગે લાવવા માટે સરકાર દરેક સંભવ પ્રયાસ કરી રહી છે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈમ્ફાલ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મણિપુર પહોંચ્યા હતા. લગભગ હિંસાના બે વર્ષ બાદ તેઓ અહીં પહોંચ્યા હતા. જાહેર સભાને સંબોધતા તેમણે કહ્યું કે ભારત સરકાર મણિપુરના લોકોની સાથે છે. અહીં લોકોના જીવનને ફરી વિકાસના માર્ગે લાવવા માટે સરકાર દરેક સંભવ પ્રયાસ કરી રહી છે. હિંસામાં પોતાનું આશ્રય ગુમાવનારા લોકો માટે સરકાર નવા ૭ હજાર મકાન બનાવશે. આ ઉપરાંત ખાસ મણિપુર માટે કેન્દ્ર સરકાર દ્વારા ૩૦૦૦ કરોડના પેકેજને મંજૂરી અપાયાની પણ પીએમ મોદીએ માહિતી આપી હતી. બીજી બાજુ ખાસ કરીને વિસ્થાપિતો માટે ૫૦૦ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત પીએમ મોદી દ્વારા કરવામાં આવી હતી. વડાપ્રધાન મોદી કાર્યક્રમને સંબોધવા માટે મણિપુરના ઈમ્ફાલ પહોંચ્યા હતા જ્યાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા. વડાપ્રધાનના કાર્યક્રમ સ્થળની નજીક કાંગળાથી થોડીક દૂર કોંગ્રેસ ભવનની બહાર દેખાવ કર્યા હતા. સ્થિતિને જોતા વધારાના સુરક્ષાદળોને તહેનાત કરી દેવામાં આવ્યા હતા જેનાથી દેખાવોનો અંત આણી શકાય. તેમણે રાજ્યમાં શાંતિ, વિકાસ અને વિશ્વાસનો સંદેશ આપ્યો હતો. તેમણે મણિપુરના સામાજિક અને આર્થિક વિકાસ માટે ભારત



સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પર પણ પ્રકાશ પાડ્યો હતો.

પીએમ મોદીએ કહ્યું કે, મણિપુરના નામમાં મણિ છે, આ એ મણિ છે જે આવનારા સમયમાં સમગ્ર પૂર્વોત્તર ભારતની ચમક વધારશે. ભારત સરકારનો સતત પ્રયાસ રહ્યો છે કે મણિપુરને વિકાસના માર્ગ પર ઝડપથી આગળ લઈ જવામાં આવે. આ સંદર્ભમાં, હું આજે તમારા બધા વચ્ચે આવ્યો છું. પોતાની મુલાકાત દરમિયાન પીએમ મોદીએ મણિપુરને ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ ભેટમાં આપ્યા. તેનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, થોડા સમય પહેલા, આ મંચ પરથી લગભગ ૭ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ્સ મણિપુરના લોકો, અહીંના ટેકરીઓ પર રહેતા આદિવાસી સમાજનું જીવન વધુ સારું બનાવશે. તેમણે કહ્યું, તમે બધા જાણો છો કે પહેલા અહીંના ગામડાઓ સુધી પહોંચવું કેટલું મુશ્કેલ હતું. હવે સેંકડો ગામડાઓને રોડ કનેક્ટિવિટી આપવામાં આવી છે. પહાડી લોકો, આદિવાસી ગામડાઓને આનો ઘણો ફાયદો થયો છે. અમારી સરકાર દરમિયાન જ મણિપુરમાં રેલ કનેક્ટિવિટી વિસ્તરી રહી છે. જીરીબામ-ઈમ્ફાલ રેલ્વે લાઈન ખૂબ જ ટૂંક સમયમાં રાજધાની ઈમ્ફાલને રાષ્ટ્રીય રેલ નેટવર્ક સાથે જોડશે. મુખ્ય સચિવ ગોયલે કહ્યું હતું કે, શાંતિ એટલે માત્ર હિંસાનો અભાવ જ નહીં, પરંતુ વિશ્વાસ, સદ્ભાવ અને સમાધાન પણ જરૂરી છે. આ પ્રકારે, વડાપ્રધાન મોદીની મણિપુરની મુલાકાતથી રાજ્યમાં શાંતિ, સામાન્ય સ્થિતિ અને વિકાસનો માર્ગ મોકળો કરશે. મણિપુર કોંગ્રેસના પ્રમુખ કેશમ મેઘચંદ્રે આરોપ લગાવ્યો હતો કે, જાતીય હિંસાગ્રસ્ત રાજ્યમાં મોદીની મુલાકાત ફક્ત પ્રતિકાત્મક છે. તેનો હેતુ શાંતિ સ્થાપિત કરવાનો અને ન્યાય સુનિશ્ચિત કરવાનો નથી. રાજ્ય સરકાર મણિપુરના પહાડી અને ખીણ બંને વિસ્તારોના લોકોના રાજયમાં શાંતિ અને સામાન્યતા પુનઃસ્થાપિત કરવા તરફ સફળતાપૂર્વક આગળ વધવાના પ્રયાસોની પ્રશંસા કરે છે. બધા પક્ષોના સંયુક્ત પ્રયાસોથી રાજ્યમાં ધીમે ધીમે પરંતુ શાંતિપૂર્ણ રીતે સ્થિરતા અને સુરક્ષા આવી છે. મણિપુરમાં મોદીના આ કાર્યક્રમના હોર્ડિંગ પણ લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગ ઈમ્ફાલથી એક પ્રમુખ સ્થાન, કેશમપટ જંક્શન પર લગાવવામાં આવ્યું છે, જે ભાજપ મુખ્યાલયની નજીક છે. રાજ્યમાં આવા બીજા પણ હોર્ડિંગ લગાવવામાં આવે તેવી આશંકા છે. મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિંહના રાજીનામા બાદ ફેબ્રુઆરીથી અહીં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીના પ્રવાસ પહેલા ઈમ્ફાલ અને ચુરાચાંદપુર જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી. કેન્દ્રીય સુરક્ષા અધિકારીઓની એક ટીમ પણ ચુરાચાંદપુર પહોંચી ગઈ હતી. પોલીસ અને અર્ધ લશ્કરી દળોને તૈનાત કરવામાં આવ્યા હતા અને પીસ ગ્રાઉન્ડ તરફના રસ્તા પર બેરિકેડિંગ કરવામાં આવ્યા હતા.

### સબમરીનને નષ્ટ કરી શકે તેવા એરક્રાફ્ટ ખરીદાશે

# ભારત-અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં P8I ડીલની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ સહયોગ એક નવા સ્તરે પહોંચવા જઈ રહ્યું છું. સૂત્રોના જણાવ્યાનુસાર, ભારતીય નૌકાદળ માટે ૬ વધારાના P-8I મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટની ડીલ અંગે બંને દેશો વચ્ચે વાતચીત લગભગ પૂર્ણ થઈ ગઈ છે.

આ ડીલ લગભગ ૪ અબજ ડોલરની છે અને આ માટે એક અમેરિકન પ્રતિનિધિમંડળ ૧૬થી ૧૯મી સપ્ટેમ્બર દરમિયાન દિલ્હી આવશે.

અહેવાલો અનુસાર, પ્રતિનિધિમંડળમાં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ અને બોઈંગના પ્રતિનિધિઓ તેમજ અનેક મહત્ત્વપૂર્ણ સંસ્થાઓના અધિકારીઓનો સમાવેશ થશે. આમાં અંડર સેક્રેટરી ઓફ



ડિફેન્સ ફોર પોલિસી, નેવી ઈન્ટરનેશનલ પ્રોગ્રામ્સ ઓફિસ (NIPO), મેરીટાઈમ પેટ્રોલ એન્ડ રેકગ્નિશન એરક્રાફ્ટ પ્રોગ્રામ ઓફિસ (PMA 290) અને ડિફેન્સ સિક્યુરિટી કોઓપરેશન એજન્સી (DSCA)નો સમાવેશ થાય છે. NIPO વૈશ્વિક મેરીટાઈમ ભાગીદારી સંભાળવા માટે જવાબદાર છે જ્યારે PMA ૨૯૦ મેરીટાઈમ પેટ્રોલ એરક્રાફ્ટના સંપાદન અને સપોર્ટમાં છે.

ભારત પાસે હાલમાં 12 P-8I વિમાન છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં (IOR) તેની દેખરેખ અને સબમરીન વિરોધી યુદ્ધ ક્ષમતાઓને મજબૂત કરવા માટે નૌકાદળને વધુ ૬ વિમાનોની જરૂર છે.

તાજેતરના વર્ષોમાં આ ક્ષેત્રમાં ચીની યુદ્ધ જહાજો અને સબમરીનની હાજરી વધી છે, પછી ભલે તે સર્વેક્ષણના નામે હોય કે ચાંચિયાગીરી વિરોધી કામગીરી હેઠળ. આ જ કારણ છે કે ભારતીય નૌકાદળ તેની દેખરેખ ક્ષમતાઓને સતત અપગ્રેડ કરી રહ્યું છે.

P-8I વિમાન સાથે ભારતની સફર ૨૦૦૮માં શરૂ થઈ હતી જ્યારે નૌકાદળે પહેલી વાર ૮ વિમાન ખરીદ્યા હતા. ત્યારબાદ ૨૦૧૬ માં ૪ વધુ વિમાન ખરીદ્યા હતા.

નૌકાદળે કુલ ૧૦ વધારાના વિમાનોની માંગ કરી હતી, પરંતુ ૨૦૧૯ માં ૬ P-8I ને મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયને મે ૨૦૨૧માં અમેરિકા સ્ટેટ ડિપાર્ટમેન્ટ તરફથી લીલી ઝંડી મળી હતી. P-8I વિમાનો લાંબા અંતરની દેખરેખ માટે બનાવવામાં આવ્યા છે અને ઊંડા સમુદ્રમાં પણ સબમરીનને શોધી અને નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. P-8I વિમાન ૪૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડી શકે છે અને એક ઉડાનમાં ૮,૩૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. તેમાં ૧૧ હાર્ડ પોઈન્ટ છે, જેમાં એન્ટી-શિપ મિસાઈલ, ક્રુઝ મિસાઈલ, હળવા વજનના ટોર્પિડો અને એન્ટી-સબમરીન વોરફેર ચાર્જ ઈન્સ્ટોલ કરી શકાય છે.

### નેપાળના PM સુશીલા કાર્કી બનતાં મોદીએ કહ્યું

# ભારત નેપાળના લોકોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

નેપાળમાં પૂર્વ ચીફ જસ્ટિસ સુશીલા કાર્કીએ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના દિવસે વચગાળાની સરકારમાં કાર્યકારી વડાપ્રધાનના રૂપે શપથ લીધા. ત્યાર બાદ નેપાળને નવા વડાપ્રધાન મળતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સુશીલા કાર્કીને શુભકામના આપતાં નેપાળમાં શાંતિ અને સ્થિરતાની આશા વ્યક્ત કરી હતી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટ એક્સ પર પોસ્ટ કરી સુશીલા કાર્કીને શુભકામના પાઠવી હતી. તેમણે કહ્યું કે, ભારત નેપાળના લોકોની શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છે.સોશિયલ મીડિયા પર લગાવેલા પ્રતિબંધના વિરોધમાં શરુ કરવામાં આવેલા જેન-ઝી આંદોલને ધીમે-ધીમે ભ્રષ્ટાચાર સામે મોટા આંદોલનનું રૂપ લઈ લીધું હતું. આ આંદોલનમાં સીધી રીતે ઓલી સરકારને નિશાનો બનાવવામાં આવી હતી. વિરોધ વધતાં દેખાવકારો પર પોલીસ દ્વારા ફાયરિંગની કાર્યવાહી કરવામાં આવી, જેમાં ૨૦થી વધુ લોકોના મોત થયા હતા, આ મૃતકોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા. વધતાં દબાણ અને જનવિરોધને લઈને ઓલીને રાજીનામું આપવું પડ્યું હતું. વડાપ્રધાન ઓલીના રાજીનામા બાદ પણ દેશમાં હિંસા અટકી ન હતી. મંગળવારે કાઠમાંડુ સહિત અનેક શહેરોમાં ઉગ્ર ભીડે ભારે ઉપદ્રવ મચાવ્યો હતો. દેખાવકારોએ સંસદ ભવન, રાજકીય નેતાઓના આવાસ અને અન્ય સરકારી ઈમારતોને આગ ચાંપી દીધી હતી. સ્થિતિ પર નિયંત્રણ મેળવવા માટે સેનાને હસ્તક્ષેપ કરવો પડ્યો. આ દરમિયાન ૫૦થી વધુ લોકોના મૃત્યુ થયા હતા. ભારતીય વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે, નેપાળ ભારતના પાડોશી દેશ છે.

### રેસમાં ૪ મંત્રીઓના નામ

# ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અંગે ગમે ત્યારે થઈ શકે એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી અનેક મહિનાથી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી ટાળી રહી છે. તેનું સૌથી મોટું કારણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) સાથે ભાજપના ટોચના નેતૃત્વના સંબંધમાં તણાવને માનવામાં આવી રહ્યો છે. જો કે છેલ્લા કેટલાક મહિનાથી બંને તરફથી સંબંધોને સામાન્ય કરવાની અને દેખાડવાની કોશિશ થઈ રહી છે.

આરએસએસ અને ભાજપના ટોચના નેતૃત્વએ જ તેની જવાબદારી સંભાળી છે. ત્યારબાદ હવે એ વાતની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે કે ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષના નામની જાહેરાત પાર્ટી ગમે ત્યારે કરી શકે છે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા જ્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે આરએસએસની જરૂરિયાતને લઈને નિવેદન આપ્યું તો દરેક જણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સૂત્રોનું કહેવું છે કે આરએસએસને પણ એ વાત કદાચ ન ગમી. જેનું પરિણામ પણ ભગવા પાર્ટીએ લોકસભા ચૂંટણીમાં કદાચ જોઈ લીધુ. જ્યારે ભાજપને ૨૪૦ સીટો જ આવી. એ પણ એવા સમયે કે જ્યારે પાર્ટીએ ૪૦૦ પારનો નારો આપ્યો હતો. એવું કહેવાય છે કે સંઘના કાર્યકરોએ આ ચૂંટણીમાં અનિચ્છાએ ભાજપને ટેકો આપ્યો હહતો. અત્રે જણાવવાનું કે નડ્ડાએ કહ્યું હતું કે ભાજપને હવે સંઘની જરૂર રહી નથી.

૧૫ ઓગસ્ટે જ્યારે પીએમ મોદી લાલ કિલ્લાથી દેશને સંબોધિત કરતા હતા ત્યારે તેમણે આરએસએસના વખાણ કરતા તેને દુનિયાની સૌથી મોટી એનજીઓ ગણાવી. ત્યારબાદ મોહન ભાગવતે પણ નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આરએસએસના કાર્યક્રમમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે રાજકારણ હોય કે સમાજ સેવા તેમાં નિવૃત્તિની કોઈ ઉંમર હોતી નથી. આ અગાઉ સંઘ પ્રમુખે જ કહ્યું હતું કે ૭૫ વર્ષની ઉંમરમાં લોકોએ પોતે રિટાયર થઈ જવું જોઈએ. અત્રે જણાવવાનું કે આ વર્ષે પીએમ મોદી ૭૫ વર્ષના થશે.

આરએસએસની પ્રશંસા કરનારાઓમાં પીએમ મોદી એકલા નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ હાલના સમયમાં અનેક અવસરે આરએસએસની પ્રશંસા કરી છે.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તેમને સ્વયંસેવક હોવા પર ગર્વ છે.

આરએસએસના કાર્યકર હોવું કોઈ પણ કિંમતે નેગેટિવ પોઈન્ટ ન હોઈ શકે. આ સાથે જ તેમણે એમ પણ કહ્યું કે કોઈ પણ સ્વયંસેવકે જ્યાં સુધી ભારત ફરીથી મહાન ન બને ત્યાં સુધી રોકાવવાનું નથી.

ભાજપના બંને દિગ્ગજ નેતાઓ અને આરએસએસ ચીફના નિવેદનથી ભાજપ અને સંઘ વચ્ચે સંબંધ સામાન્ય થવાના સંકેત મળી રહ્યા છે. હવે એ વાતની પ્રબળ સંભાવના છે કે બંને સંગઠન મળીને જલદી ભાજપના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષના નામ પર અંતિમ મહોર લગાવી શકે છે. જો કે સંઘે અનેક અવસરો પર કહ્યું છે કે સરકાર કે ભાજપના કાર્યોમાં આરએસએસનો હસ્તક્ષેપ હોતો નથી.

આરએસએસ અને ભાજપ વચ્ચે સામાન્ય થયેલા સંબંધોમાં અનેક દાવેદારોના નામ ચર્ચાવા લાગ્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ તેમાં સૌથી પહેલું નામ શિવરાજસિંહ ચૌહાણનું આવે છે. જે હાલમાં કેન્દ્ર સરકારમાં મંત્રી છે. જ્યારે નીતિન ગડકરીનું નામ પણ અંદર ખાને ચર્ચાઈ રહ્યું છે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી અને હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર અને ધર્મેન્દ્ર પ્રધાનનું નામ પણ રેસમાં સામેલ હોવાની ચર્ચા છે. ભાજપ પોતાના નિર્ણયોથી રાજકીય પંડિતોને ચોંકાવતું રહ્યું છે. આવામાં એ જોવાનું રહેશે કે કોણ ભાજપના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે.

# પાકિસ્તાની સૈન્ય પર ભીષણ આતંકી હુમલો, ૧૨ સૈનિકો માર્યા ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ,

પાકિસ્તાના અશાંત ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં શનિવારે વહેલી સવારે પાકિસ્તાની તાલિબાન (ટીટીપી) દ્વારા કરવામાં આવેલા ઘાતક હુમલામાં ઓછામાં ઓછા ૧૨ સૈનિકોના મોત નિપજ્યા છે અને ૪ અન્ય ઘાયલ થયા છે. સ્થાનિક વહીવટીતંત્ર અને સુરક્ષા અધિકારીઓએ આ હુમલાની પુષ્ટિ કરી છે. મળતી માહિતી મુજબ, દક્ષિણ વજીરિસ્તાન જિલ્લામાં સવારે લગભગ ૪ વાગ્યે જ્યારે સેનાનો કાફલો આ વિસ્તારમાંથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો.

એક સ્થાનિક સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, બંને બાજુથી ભારે હથિયારોથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેમાં ૧૨ સુરક્ષા કર્મચારીઓના મોત નિપજ્યા હતા અને ચાર ઘાયલ થયા હતા. હુમલાખોરો સૈન્યના હથિયારો અને સાધનો લઈને સ્થળ પરથી ભાગી ગયા હતા. વિસ્તારના સુરક્ષા અધિકારીએ પણ જાનહાનિની સંખ્યાની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે, હુમલો ખૂબ જ સુનિયોજિત અને તીવ્ર હતો.

આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન પાકિસ્તાની તાલિબાને લીધી છે, જેને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) તરીકે પણ ઓળખવામાં આવે છે. આ હુમલાને તાજેતરના મહિનાઓમાં ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયેલી સૌથી ઘાતક ઘટનાઓમાંની એક માનવામાં આવે છે.




# તંત્રી લેખ......

## નવનિયુક્ત વડાપ્રધાન સુશીલા કાર્કીની ભલામણ પર સંસદ ભંગ

નેપાળમાં જેન ઝીના બેનર હેઠળ યુવાનોના આંદોલનના કારણે સર્જાયેલા રાજકીય સંકટનો આખરે શુક્રવારે અંત આવ્યો હતો. આંદોલનકારી યુવાનો, આર્મી અને રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલ વચ્ચે વચગાળાની સરકારના વડા અંગે ત્રણ દિવસ સુધી ચાલેલી ચર્ચાના અંતે શુક્રવારે પૂર્વ ચીફ જસ્ટિસ સુશિલા કાર્કીની પસંદગી કરાઈ હતી. તેમણે ગઈ કાલે રાષ્ટ્રપતિ ભવનમાં  વડાપ્રધાન પદના શપથ લીધા હતા. આ સાથે જ તેઓ નેપાળના પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા છે.

નેપાળના રાજકારણમાં શુક્રવારની રાત્રે ઈતિહાસ રચાયો હતો. પ્રમુખ રામચંદ્ર પૌડેલે નવનિયુક્ત વડાપ્રધાન સુશીલા કાર્કીની ભલામણ પર સંસદ ભંગ કરી દીધી હતી અને ૨૧ માર્ચ, ૨૦૨૬ એ નવી સંસદીય ચૂંટણીની તારીખ નક્કી કરી છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ નિર્ણય છે. તે દર્શાવે છે કે. પીએમ કાર્કી બળજબરીથી સત્તામાં બેસી રહેવા નથી માગતા, જેમ બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસ કરી રહ્યા છે. મોહમ્મદ યુનુસ છેલ્લા એક વર્ષથી બાંગ્લાદેશના વરિષ્ઠ સલાહકાર બનીને બેઠા છે અને હજુ સુધી ચૂંટણી માટે કોઈ સટીક તારીખ નથી આપી. તેમને સમર્થન આપનારા પક્ષો પણ હવે ચૂંટણીની માગને લઈને નારાજ છે. શુક્રવારે કાઠમંડુના શીતલ નિવાસમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં ૭૩ વર્ષીય પૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કીએ નેપાળના પ્રથમ મહિલા વડાપ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. તેઓ વચગાળાની સરકારનું નેતૃત્વ કરશે અને ૭ મહિનાની અંદર ચૂંટણીઓ યોજવાની જવાબદારી સંભાળશે. આ પરિવર્તન એવા સમયે આવ્યું જ્યારે ભ્રષ્ટાચાર અને સોશિયલ મીડિયા પ્રતિબંધને લઈને દેશભરમાં આક્રોશ હતો

ખાસ કરીને યુવાનોએ રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના દબાણ હેઠળ મંગળવારે કેપી શર્મા ઓલીને વડા પ્રધાન પદેથી રાજીનામું આપવું પડ્યું હતું. કાર્કીએ શપથ લેતાની સાથે જ Gen-Z (૧૯૯૭થી ૨૦૧૨ની વચ્ચે જન્મેલી પેઢી) એ કાઠમંડુના રસ્તાઓ પર જશ્ન મનાવ્યો હતો. રાષ્ટ્રપતિ કાર્યાલયની બહાર હજારો યુવાનો ફટાકડા ફોડીને સૂત્રોચ્ચાર કર્યા હતા. સમારોહમાં નેપાળના ચીફ જસ્ટિસ, ઉચ્ચ અધિકારીઓ, સુરક્ષા વડા અને ઘણા રાજદ્વારીઓ હાજર રહ્યા હતા. સમારોહમાં પૂર્વ વડાપ્રધાન બાબુરામ ભટ્ટરાઈ પણ હાજર રહ્યા હતા, પરંતુ રસપ્રદ વાત એ હતી કે તેઓ એકમાત્ર પૂર્વ વડાપ્રધાન હતા જેમણે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. નેપાળમાં આ મોટા રાજકીય ઘટનાક્રમ સાથે અનિશ્ચિતતાની લાંબી ખેંચતાણનો હાલ પૂરતો અંત આવ્યો છે. હવે બધાની નજર એ બાબત પર છે કે કાર્કીની વચગાળાની સરકાર ચૂંટણી સુધી દેશને કેટલી સ્થિરતા પ્રદાન કરી શકે છે. સુશીલા કાર્કીએ વારાણસી સ્થિત બીએચયુમાંથી અભ્યાસ કર્યો છે. તેમણે એક ઈન્ટર્વ્યૂમાં વડાપ્રધાન મોદીને નમસ્કાર કર્યા હતા. તેઓ ભારતીય નેતાઓથી ખૂબ જ પ્રભાવિત હોવાથી તેમને ભારત તરફી મનાય છે.

## ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચ સૈનિકોનું અપમાન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ, એશિયા કપમાં ૧૪ સપ્ટેમ્બરે યોજાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મેચને લઈને શિવસેના (UBT) ના વડા ઉદ્ધવ ઠાકરેએ રસ્તા પર ઉતરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, એક આતંકવાદી દેશ સાથે મેચ રમવી એ રાષ્ટ્રીય ભાવનાનું અપમાન છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, શિવસેનાના કાર્યકરો સમગ્ર મહારાષ્ટ્રમાં રસ્તા પર ઉતરશે અને મેચનો વિરોધ કરશે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, આપણા સૈનિકો સરહદ પર પોતાના જીવનું બલિદાન આપી રહ્યા છે, શું આ સ્થિતિમાં આપણે પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવું જોઈએ? મારા પિતા (બાળાસાહેબ ઠાકરે) એ જાવેદ મિયાંદાદને કહ્યું હતું કે, જ્યાં સુધી પાકિસ્તાન દ્વારા ભારત વિરુદ્ધ આતંકવાદી પ્રવૃત્તિઓ ચાલુ રહેશે, ત્યાં સુધી ક્રિકેટ નહીં રમાય. એક દિવસ પહેલા જ આદિત્ય ઠાકરે કહ્યું હતું કે, ભાજપે પોતાની વિચારધાર બદલી નાખી છે.

### ૧૦ લાખની ખંડણી માગી હતી

# અશ્લીલ વીડિયો બનાવી બ્લેકમેઈલ કરનારા ભાજપ નેતા સહિત ૩ જેલભેગા

### આરોપીઓમાં ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પદાધિકારી પણ સામેલ છે : યુવક પાસેથી ખંડણી માગવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)આગ્રા, ઉત્તર પ્રદેશના આગ્રામાં ટીપી નગર (હરિપર્વત) સ્થિત જૈન હોટેલમાં એક યુવતી સાથે અશ્લીલ વીડિયો બનાવીને એક યુવકને બ્લેકમેઈલ કરવા મામલે ન્યૂ આગ્રા પોલીસે વધુ ત્રણ લોકોને જેલ ભેગા કરી દીધા છે. આરોપીઓમાં ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પદાધિકારી પણ સામેલ છે. યુવક પાસેથી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી રહી હતી.

આવાસ વિકાસ કોલોનીના સેક્ટર ૮ના રહેવાસી એક યુવકની ફેસબુક પર એક યુવક સાથે મિત્રતા થઈ હતી. યુવકે તેને લગ્ન કરાવવા માટે ઝાંસો આપ્યો હતો. યુવતી સાથે મુલાકાત કરાવવા માટે જૈન હોટલમાં યુવકને બોલાવ્યો હતો. એવો આરોપ છે કે, યુવકને નશીલા પદાર્થ પીવડાવીને બેભાન કરી દીધો હતો. ત્યારબાદ યુવતીએ યુવકને નિર્વસ્ત્ર કરી દીધો હતો અને ત્યારબાદ તેની સાથે અશ્લીલ વીડિયો બનાવડાવ્યો હતો.

ત્યારબાદ વીડિયો બતાવીને યુવકને ધમકાવવામાં આવી રહ્યો હતો. છેડતીના કેસમાં તેને જેલમાં હવાલે કરવાની ધમકી આપવામાં આવી હતી. કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી. બુધવારે પીડિત યુવકે એક આરોપીને પકડીને પોલીસને સોંપી દીધો હતો. ફરિયાદના આધારે પોલીસે શકીલ, વિરાટ, પિંકી, મનીષ સહાની અને જૈન હોટેલના કર્મચારીઓ અને સંચાલકનું નામ જાહેર કર્યું હતું.

પોલીસે ગુરુવારે શકીલને જેલમાં ધકેલી દીધો હતો. ઈન્સ્પેક્ટર ન્યૂ આગ્રા રાજીવ ત્યાગીએ જણાવ્યું કે, મથુરા નિવાસી પિંકી, મનીષ સહાની અને વિરાટ, જેઓ આ કેસમાં વોન્ટેડ હતા તેમની પણ ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. મનીષ સહાની ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ પદાધિકારી છે. પોલીસને શંકા છે કે, ગેંગે પહેલી વાર આ અંદાજમાં ઘટનાને અંજામ નથી આપ્યો. આરોપી શકીલની પૂછપરછમાં ખુલાસો થયો છે હતો કે, તેણે આ રીતે ઘણા લોકોને હનીટ્રેપમાં ફસાવ્યા છે. તેણે તેમની પાસેથી પૈસા પણ પડાવ્યા છે. આ વખતે જે વ્યક્તિ પર હુમલો કરવામાં આવ્યો છે તે કોઈ ધનવાન વ્યક્તિ નથી. તેઓ ફેસબુક અને સોશિયલ મીડિયા પર લોકોને ફસાવતા હતા. પોલીસ એવું માનીને ચાલી રહી છે કે આરોપીઓ વિરુદ્ધ વધુ પીડિતો આગળ આવી શકે છે.

### સ્થાનિક સમુદાયને ઘેરો આઘાત પહોંચ્યો

# બ્રિટનમાં શીખ મહિલા સાથે બે હેવાનોએ આચર્યું દુષ્કર્મ

(સંપૂર્ણ સમાચાર સેવા)લંડન, યુનાઈટેડ કિંગડમના ઓલ્ડબરી શહેરમાં એક શીખ મહિલા પર હેવાનિયતથી સ્થાનિક સમુદાયને ઘેરો આઘાત પહોંચ્યો છે. ૨૦ વર્ષની મહિલા પર બે પુરુષોએ બળાત્કાર ગુજાર્યો હતો તેમજ આ હેવાનોએ જાતિ આધારિત અપમાનજનક ભાષાનો પણ ઉપયોગ કર્યો હતો. આ ઘટના ગત મંગળવારે સવારે ૮:૩૦ વાગ્યે ટેમ રોડ પાસે બની હતી.

આ ઘટનાને પોલીસે જાતિગત રીતે ગંભીર ગુનો ગણાવતાં કહ્યું કે, હાલમાં અમે હુમલાખોરોને શોધી રહ્યા છે. તેમજ સીસીટીવી અને ફોરેન્સિક તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે. આ હુમલા અંગે પીડિતાએ પોલીસને જણાવ્યું હતું કે, હુમલાખોરોએ તેના પર જાતિગત ટિપ્પણી કરી હતી અને કહ્યું હતું કે તમારા દેશમાં પાછા જાઓ.

સ્થાનિક મીડિયાના રિપોર્ટ પ્રમાણે, શંકાસ્પદો બંને શ્વેત પુરુષો છે.  એકનું માથું મુંડન કરેલું હતું અને તેણે ઘેરા રંગનો સ્વેટશર્ટ પહેર્યો હતો, જ્યારે બીજો ગ્રે ટી-શર્ટ પહેરેલો હતો.

આ ઘટનાને લઈને સ્થાનિક શીખ સમુદાયમાં ભારે આક્રોશ ફેલાયો છે. તેને સીધી રીતે જાણી જોઈને કરવામાં આવેલો હુમલો માનવામાં આવી રહ્યો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સમુદાયનો ગુસ્સો સંપૂર્ણપણે વાજબી હતો અને હવે આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.


બર્મિંગહામ એજબેસ્ટનના સાંસદ પ્રીત કૌર ગિલે આ હુમલાની નિંદા કરતાં કહ્યુંઃ આ માત્ર એક અત્યંત હિંસક ગુનો નથી, પરંતુ આ જાતિગત રીતે પણ ઉગ્ર હતો. હુમલાખોરોએ કથિત રીતે પીડિતાને કહ્યું હતું કે, તે અહીંની નથી. પરંતુ હકીકત એ છે કે, તે અહીંની છે. આપણા શીખ સમુદાય અને દરેક સમુદાયને સુરક્ષિત, આદરણીય અને મૂલ્યવાન અનુભવવાનો અધિકાર છે. જાતિવાદ અને સ્ત્રીવિરોધને બ્રિટનમાં કોઈ સ્થાન નથી.

ઈલ્ફોર્ડ સાઉથના સાંસદ જસ અઠવાલે આ હુમલાને ઘૃણાસ્પદ, જાતિવાદી અને સ્ત્રીવિરોધી ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ હુમલો આપણા દેશમાં વધતા વંશીય તણાવનું પરિણામ છે. હવે એક મહિલાને જીવનભર આઘાત સહન કરવો પડશે. આ બાબતને અત્યંત ગંભીરતાથી લેવી જોઈએ.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું ઉદઘાટન

# મિઝોરમમાં કુતુબ મિનાર કરતાં પણ ઊંચો રેલવે બ્રિજ તૈયાર

### વડાપ્રધાને આઈઝોલમાં ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ-ઉદઘાટન કર્યું છે



(સંપૂર્ણ સમાચાર સેવા)મિઝોરમ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મિઝોરમ, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ અને બિહારના પ્રવાસે છે. તેઓ મિઝોરમમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે રાજ્યને રેલવેની ભેટ આપી છે. વડાપ્રધાને મિઝોરમના આઈઝોલમાં ૯,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદઘાટન કર્યું છે. તેમાં મુખ્ય છે વિશ્વ કક્ષાની માળખાગત સુવિધાઓ અને મિઝોરમમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે રૂ. ૮,૦૭૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર બૈરાબી-સૈરાંગ રેલ લાઈન પ્રોજેક્ટ જે મિઝોરમની રાજધાનીને પ્રથમ વખત ભારતીય રેલ નેટવર્ક સાથે જોડશે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શુક્રવારે મિઝોરમ પહોંચ્યા હતા અને આ નવા રેલવે પ્રોજેક્ટનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ બાદ અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે, મિઝોરમને જોડવાનો પ્રોજેક્ટ ખૂબ જ મુશ્કેલ હતો. જેવી રીતે કાશ્મીરમાં ચિનાબ બ્રિજ એફિલ ટાવરથી ઊંચો છે, તેવી જ રીતે મિઝોરમમાં કુતુબ મિનારથી ઊંચો બ્રિજ બનાવવામાં આવ્યો છે.

એક પડકારજનક પહાડી વિસ્તારમાં બનેલા આ રેલવે લાઈન પ્રોજેક્ટમાં જટિલ ભૌગોલિક પરિસ્થિતિઓમાં ૪૫ ટનલ બનાવવામાં આવી છે. આ ઉપરાંત તેમાં ૫૫ મોટા બ્રિજ અને ૮૮ નાના બ્રિજ પણ સામેલ છે. રેલવે મંત્રાલયના જણાવ્યા પ્રમાણે મિઝોરમ અને દેશના બાકીના ભાગો વચ્ચે સીધો રેલ સંપર્ક પ્રદેશના લોકોને સુરક્ષિત, કાર્યક્ષમ અને સસ્તું મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે. તે અનાજ, ખાતરો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓનો સમયસર અને વિશ્વસનીય પુરવઠો પણ સુનિશ્ચિત કરશે, જેનાથી સમગ્ર લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને ક્ષેત્રીય પહોંચ વધશે. વડાપ્રધાન મોદીએ આ અવસર પર ત્રણ નવી એક્સપ્રેસ ટ્રેનો, સૈરાંગ (આઈઝોલ)-દિલ્હી (આનંદ વિહાર ટર્મિનલ) રાજધાની એક્સપ્રેસ, સૈરાંગ-ગુવાહાટી એક્સપ્રેસ અને સૈરાંગ-કોલકાતા એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી છે. આઈઝોલ હવે એક રાજધાની એક્સપ્રેસ દ્વારા સીધા દિલ્હી સાથે જોડાશે. સૈરાંગ-ગુવાહાટી એક્સપ્રેસ મિઝોરમ અને આસામ વચ્ચે અવરજવરને સરળ બનાવશે. સૈરાંગ-કોલકાતા એક્સપ્રેસ મિઝોરમને સીધું કોલકાતા સાથે જોડશે.

# હિમાચલના બિલાસપુરમાં આભ ફાટ્યું, અનેક વાહનો કાટમાળમાં દટાયા

### આ કુદરતી આફતમાં કોઈ જાનહાનિ થઈ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)બિલાસપુર, હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લાના નૈના દેવી વિધાનસભા વિસ્તારના ગુતરાહન ગામમાં શનિવારે સવારે વાદળ ફાટવાના કારણે તબાહીના દૃશ્યો સર્જાયા હતા. આ દરમિયાન અનેક વાહનો કાટમાળમાં દબાયા હતા અને રસ્તાને પણ ભારે નુકસાન થયું હતું.

નોંધનીય છે કે, આ કુદરતી આફતમાં કોઈ જાનહાનિ થઈ નથી, નહીંતર મોટી દુર્ઘટના બની શકી હોત. અસરગ્રસ્ત ગ્રામજનોએ વહીવટીતંત્ર પાસે માંગ કરી છે કે ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવે અને પીડિતોને યોગ્ય વળતર આપવામાં આવે. બીજી બાજુ, મંડી જિલ્લાના ધરમપુરના સપદી રોહ ગામમાં શનિવારે સવારે ૪ વાગ્યે ભૂસ્ખલન થયું હતું, જેના કારણે ઘણા ઘરો કાટમાળથી ઘેરાયેલા છે.

ઉલ્લેખનીય છે કે, હિમાચલ પ્રદેશના ઘણાં જિલ્લાઓમાં હવામાન ફરી બગડવા લાગ્યું છે. આવી સ્થિતિમાં, અનેક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન કેન્દ્ર શિમલાએ ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. વળી, કાંગડા, ઉના, હમીરપુર, બિલાસપુર અને મંડી જિલ્લાના કેટલાક ભાગોમાં હળવા અને ભારે વરસાદ માટે ઑરેન્જ ઍલર્ટ જારી કરવામાં આવ્યું છે. જ્યારે શિમલા, સિરમૌર, સોલન, કુલ્લુ અને ચંબા જિલ્લામાં વિવિધ સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ માટે યલો ઍલર્ટ રહેશે.

### સુપ્રીમ કોર્ટે મધ્યમવર્ગની પીડા વર્ણવી

# રહેઠાણનો અધિકાર જીવનના મૂળભૂત અધિકારનો હિસ્સો

### મધ્યમ વર્ગના લોકોનું દુઃખ વ્યક્ત કરતા કોર્ટે કહ્યું છે કે, જીવનની કમાણી ઘર પર ખર્ચ્યા પછી, તે બેવડો બોજ સહન કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી, સુપ્રીમ કોર્ટે હજારો ફ્લેટ ખરીદદારોનું દુઃખ સમજી લીધું છે, જેઓ પોતાના જીવનની મહેનતની કમાણીનું રોકાણ કરીને ફ્લેટ અને ઘર બુક કરાવ્યા પછી ઘર રાખવાના સપના સાથે ભટકતા રહે છે. સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે, જે ફ્લેટ ખરીદદારોનું સપના તો પૂરું કરશે જ, પરંતુ રિયલ એસ્ટેટમાં લોકોનો વિશ્વાસ પણ પાછો મેળવશે.

સુપ્રીમ કોર્ટના જણાવ્યાનુસાર, રહેઠાણનો અધિકાર ફક્ત કરાર આધારિત અધિકાર નથી, પરંતુ તે બંધારણ હેઠળ જીવનના મૂળભૂત અધિકારનો એક ભાગ છે. તેથી, તે આવા નિર્દેશો આપી રહી છે જેથી ભારતના નાગરિકોનું ઘર રાખવાનું સપના પૂર્ણ થાય. તેમનું આ સપના જીવનભરનું દુઃસપનું ન બને.

મધ્યમ વર્ગના લોકોનું દુઃખ વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, જીવનભરની કમાણી ઘર પર ખર્ચ્યા પછી, તે બેવડો બોજ સહન કરે છે. એક તરફ, તે ઘરનો EMI ચૂકવે છે અને બીજી તરફ, તે ભાડું ચૂકવે છે. તે ફક્ત ઘરનું પોતાનું સપનું પૂર્ણ કરવા માંગે છે, જે એક અધૂરું મકાન રહે છે.

વધુમાં સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પૈસા ચૂકવવા છતાં ઘર ન મળવાની ચિંતા તેમના સ્વાસ્થ્ય અને ગૌરવ પર ખરાબ અસર કરે છે. સરકારની બંધારણીય ફરજ છે કે એવી કડક વ્યવસ્થા બનાવવામાં આવે જેમાં કોઈ પણ ડેવલપર ઘર ખરીદનારનું શોષણ કે છેતરપિંડી કરી શકે નહીં.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર મહાદેવનની ખંડપીઠે કેન્દ્ર સરકારને નાદારીની કાર્યવાહી હેઠળના સંકટગ્રસ્ત રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સને ભંડોળ પૂરું પાડવા માટે નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ (NARCL) હેઠળ પુનર્જીવન ભંડોળ સ્થાપવાનું વિચારવા કહ્યું. અથવા એફોર્ડેબલ અને મિડ ઈક્રમ હાઉસિંગ (SWAMIH) ફંડ માટે સ્પેશિયલ વિન્ડો વિસ્તૃત કરો. આનાથી સંભવિત પ્રોજેક્ટ્સ બંધ થતા અટકશે અને ઘર ખરીદનારાઓના હિતોનું રક્ષણ થશે.

જો કે, કોર્ટે ચેતવણી આપી છે કે આમાં મોટી રકમનો ભંડોળ સામેલ થશે, જે જાહેર નાણાં છે. આવી સ્થિતિમાં, દરેક રૂપિયો કડક રીતે એક જ હેતુ માટે ખર્ચ કરવો જોઈએ. તેનો દુરુપયોગ અટકાવવા માટે, કોર્ટે ઝછય્ને સમયાંતરે વ્યાપક ઓડિટ કરાવવા અને તેનો અહેવાલ જાહેર કરવાનો આદેશ આપ્યો છે. તેણે કહ્યું કે આ ફક્ત ઘરો કે એપાર્ટમેન્ટનો મામલો નથી. બેંકિંગ ક્ષેત્ર, સંબંધિત ઉદ્યોગો અને મોટી વસ્તીનો રોજગાર પણ આમાં દાવ પર છે.

### તૂટેલા હાડકાંને જોડવા માટે ચીને નવું સંશોધન કર્યું

# ચીનના વૈજ્ઞાનિકોએ એક એવું બોન ગ્લુ (હાડકાનો ગુંદર) બનાવ્યો

### ગમે તેવા તૂંટેલા હાડકાને ૨-૩ મિનિટમાં જોડી શકાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ, નવા નવા સંશોધનને કારણે વિજ્ઞાન દિવસેને દિવસે આગળ વધી રહ્યું છે. આ વચ્ચે ચીનના વૈજ્ઞાનિકોએ એક એવું બોન ગ્લુ (હાડકાનો ગુંદર) બનાવ્યું છે, જે હાડકાંના ભાંગેલા કે તૂટેલા હાડકાંને માત્ર ત્રણ મિનિટમાં જ જોડી શકે છે. આ ગુંદરનું નામ બોન ૦૨ છે અને તેનો ઉપયોગ હાડકાંની સારવારમાં કરવામાં આવે છે. આ શોધ ઓર્થોપેડિક સર્જરીમાં એક મોટી સફળતા માનવામાં આવી રહી છે, કારણ કે હાડકાંને જોડવા માટે અસરકારક ગુંદર બનાવવો એ લાંબા સમયથી એક પડકારજનક કાર્ય હતું.

ગ્લોબલ ટાઈમ્સ અનુસાર, ઝેજિયાંગ પ્રાંતની સર રન રન શૉ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન લિન ઝિયાનફેંગે આ ગુંદર બનાવ્યો છે. તેમને આ વિચાર પુલ પર ચોંટેલા સમુદ્રમાં ઓઈસ્ટર્સ (શંખ) ને જોઈને આવ્યો હતો. ઓઈસ્ટર્સ પાણીની અંદર પણ મજબૂત રીતે ચોંટી જાય છે, અને આ જ પ્રકારની મજબૂતી માટે લિન ઝિયાનફેંગે હાડકાંના ગુંદરને બનાવવાની શંખમાંથી પ્રેરણા લીધી હતી.

આ બોન ગ્લુની ખાસિયત એ છે કે, તે ખૂબ ઝડપથી, એટલે કે બે થી ત્રણ મિનિટમાં હાડકાંને ચોંટાડી દે છે, પછી ભલે તે જગ્યાએ લોહી હોય કે ન હોય. આ ઉપરાંત, જેમ જેમ હાડકું સામાન્ય થતું જાય છે, તેમ તેમ આ ગુંદર શરીરમાં કુદરતી રીતે ગાયબ (શોષાય) થઈ જાય છે. આથી, દર્દીઓને બીજી સર્જરી કરાવવાની જરૂર પડતી નથી, જે ઘણીવાર સ્ક્રૂ કે પ્લેટ દૂર કરવા માટે કરવી પડે છે.

સંશોધનમાં આ ગુંદર સલામત અને અસરકારક સાબિત થયું છે.


એક ટેસ્ટમાં, તેનો ઉપયોગ કરીને ત્રણ મિનિટથી ઓછા સમયમાં હાડકું જોડવામાં આવ્યું હતું, જ્યારે પરંપરાગત પદ્ધતિઓમાં મોટો ચીરો કરીને સ્ટીલની પ્લેટ અને સ્ક્રૂ નાખવા પડે છે. જણાવી દઈએ કે, આ ગુંદરનો ઉપયોગ ૧૫૦થી વધુ દર્દીઓ પર સફળતાપૂર્વક કરવામાં આવ્યો છે.

પરીક્ષણોમાં જાણવા મળ્યું હતું કે, આ ગુંદર ૪૦૦ પાઉન્ડથી વધુ વજન સહન કરી શકે છે અને તેની શીયર સ્ટ્રેન્થ 0.5 MPa અને કમ્પ્રેસિવ સ્ટ્રેન્થ 10 MPa જેટલી છે. આનાથી એવું લાગે છે કે, આ ગુંદર પરંપરાગત પ્લેટ અને સ્ક્રૂનું સ્થાન લઈ શકે છે. આ ઉપરાંત, તે શરીરમાં રિએક્શન કે ચેપનું જોખમ પણ ઘટાડે છે.

આજે બજારમાં ઘણા બોન સિમેન્ટ અને બોન વોઈડ ફિલર્સ ઉપલબ્ધ છે, પરંતુ તેમાં ગુંદર જેવી ચોંટવાની ક્ષમતા જોવા મળતી નથી. ઉલ્લેખનીય છે કે, ૧૯૪૦ના દાયકામાં પહેલા બોન ગુંદર બનાવવાનો પ્રયાસ થયો હતો, પરંતુ તે જેલેટીન, ઈપોક્સી રેઝિન અને એક્રીલેટ્સ પર આધારિત હતા અને શરીર સાથે સુસંગત ન હોવાને કારણે નિષ્ફળ ગયા હતા.

બોન ૦૨ આ દિશામાં એક મોટું પગલું છે, જે દર્દીઓની સારવારને વધુ સરળ અને સલામત બનાવી શકે છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે  સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com




RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ૨૨ સપ્ટે. થી નવા જીએસટી દરો લાગુ થતા દવાઓ અને તબીબી ઉત્પાદનો થશે સસ્તા




પ્રતિનિધિ,ગાંધીનગર

દેશભરના દર્દીઓ અને ગ્રાહકો માટે સરકારે રાહતના સમાચાર આપ્યા છે. કેન્દ્ર સરકારે દવા કંપનીઓને ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી નવા જીએસટી દરો મુજબ મહત્તમ છુટક ભાવ (એમઆરપી) બદલવાનો નિર્દેશ આપ્યો છે. જીએસટી કાઉન્સિલની ૫૬ મી બેઠકમાં કર દરોમાં થયેલા ઘટાડા બાદ આ નિર્ણય લેવાયો છે. જેનો મુખ્ય ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે ટેક્ષમાં થયેલા ઘટાડાનો સીધો લાભ સામાન્ય ગ્રાહકો સુધી પહોચે.

નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસીંગ ઓથોરીટી (એનપીપીએ) એ સ્પષ્ટ કર્યુ છે કે નવી જીએસટી સિસ્ટમ હેઠક્ક દવાઓ, ફોમ્યુલેશન અને તબીબી ઉપકરણો પર કર માં થયેલો ઘટાડો કિંમતોમાં સીધો પ્રતિબિંબિત થવો જોઈએ. આ સંદર્ભમાં સરકારે દવા કંપનીઓને નીચે મુજબના નિર્દેશો આપ્યા છે. જેમાં (૧) ડીલરો, રીટેઈલર્સ અને રાજય દવા નિયંત્રકોને નવી કિંમતો વિશે તાત્કાલીક જાણ કરવી પડશે (૨) અપડેટ એમઆરપી અને જીએસટી દરો દર્શાવતી કિંમતસુચી અથવા પુરકસુચી જારી કરવી, (૩) જો નવી કિંમતો છુટક સ્તરે લાગુ કરવામાં આવે તો જુના સ્ટોકને પાછો બોલાવવાની કે ફરીથી લેબલ કરવાની જરૂર રહેશે નહી ઉપરાંત નિયમનકારે ઉદ્યોગ સંગઠનોને અખબારો અને મીડીયા દ્વારા નવા દરો વિશે માહિતી જનતા સુધી પહોચાડવાની પણ સલાહ આપવામાં આવી છે.

આ સરકારી નિર્ણય હેઠક્ક અનેક મહત્વપૂર્ણ ઉત્પાદનો પર જીએસટી દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૩૩ જેનેરીક દવાઓ આ દવાઓ પર જીએસટી હવે ૦ ટકા કરવામાં આવ્યો છે. જે અગાઉ ૫ ટકા હતો. મેડીકલ ડ્રેસિંગ્સ માં પાટો, એડહેસીવ પ્લાસ્ટર આ વસ્તુઓ પર જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે. તો બીજી તરફ ટેલ્કમ પાવડર , શેમ્પુ, ટુથપેસ્ટ , હેર ઓઈલ, સેવીંગ ક્રીમ, આ રોજીંદા વપરાશની વસ્તુઓ પર જીએસટી ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો છે.

દવાઓના ભાવ પર સીધી રીતે કાનુની મેટ્રોલોજી કાયદા હેઠક્ક નિયંત્રણ નથી પરંતુ દવાઓ અને આરોગ્ય સંભાક્ક ઉત્પાદનોના એમઆરપી (મહત્તમ છુટક ભાવ ) ને નિયંત્રિત કરવા માટે સરકારની આ પધ્ધતિ ખુબ જ મહત્વપૂર્ણ છે. સરકારના આ નિર્ણયને આરોગ્ય સંભાક્ક સેવાઓને વધુ સસ્તી અને સુલભ બનાવવા તરફનુ એક મોટુ પગલુ ગણવામાં આવે છે. આનાથી લાખો દર્દીઓને રાહત મક્કશે અને આરોગ્ય સંભાક્કનો બોજ ઘટશે.

# ગોંડલમાં એસ.ટી. બસમાંથી યુવકનું અપહરણ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ,

ગોંડલ નેશનલ હાઈવે પર ભોજપરા ગામ પાસેથી પસાર થઈ રહેલી એક એસ.ટી. બસમાંથી એક યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગોંડલ તાલુકા પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને અપહરણ થયેલા યુવકને સુરક્ષિત છોડાવીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ ઘટના અંગે એસ.ટી. બસના ડ્રાઈવરે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી અને ઉપલેટા ભાયાવદરના વડેખણ ગામેથી અપહરણકર્તાઓ પાસેથી યુવકને મુક્ત કરાવ્યો હતો.

અપહરણ કરાયેલા યુવકનું નામ સંજય સામંતભાઈ મુછાર (ઉં.વ. ૨૨) છે. જે એસઆરપી જવાન છે. તેને એક સ્કોર્પિયો ગાડીમાં અપહરણ કરવામાં આવ્યા હતા. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા ચાર આરોપીઓ રવિ ઈશાભાઈ મુછાર, મૂકેશ રામભાઈ ઓડેદરા, મનીષ અરજણભાઈ મોઢવાડિયા (રહે. પોરબંદર) અને લાલા બધાભાઈ મોરી (રહે. ધોરીયા નેસ, જામનગર)ની ધરપકડ કરી છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે અપહરણમાં વપરાયેલી સ્કોર્પિયો કાર અને મોબાઈલ ફોન સહિત કુલ ૧૧,૧૫,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અપહરણ થયેલા એસઆરપી જવાન સંજયની બહેન સાસરીમાં હતી અને ત્યાંથી ગુમ થઈ ગઈ હતી.

# બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારમાં સરકાર ચુકવશે કેશ ડોલ : આજે ૧૩ સપ્ટે. થી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો. જેમાં બનાસકાંઠા જિલ્લામાં પણ ભારે વરસાદ અને પુરને પગલે વ્યાપક નુકશાન થયુ છે.

આ પુરથી થરાદ, વાવ, સુઈગામ અને ભાભર જેવા વિસ્તારો સૌથી વધુ પ્રભાવિત થયા છે. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે અસરગ્રસ્ત લોકોને નાણાંકીય સહાય જાહેર કરી છે. ૧૮ વરસથી ઉપરની ઉંમરના પ્રભાવિત વ્યકિતઓને રોજે રોજ રૂપીયા ૨૩૩ કેશ ડોલ આપવામાં આવશે. આ માટે તલાટીઓએ આજે તા. ૧૩ સપ્ટેમ્બર થી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આધારકાર્ડ સહિત જરૂરી માહિતી એકત્ર કર્યા બાદ વેરીફીકેશન પછી રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરાશે. ઉલ્લેખનીય છે કે રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલા રાહત પેકેજ અંતર્ગત ૧૮ વરસથી ઉપરની ઉંમરના દરેક પ્રભાવિત વ્યકિતને દિવસના રૂપીયા ૨૩૩ કેશ ડોલ આપવામાં આવશે. આ રાહત રકમ સીધી લાભાર્થીઓના બેંક ખાતમાં જમા કરાશે. આ યોજના અંતર્ગત ગામના તલાટીઓ દ્વારા આજે તા. ૧૩ સપ્ટેમ્બર થી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ફોર્મમાં આધારકાર્ડ નંબર સહિતની જરૂરી માહિતી એકત્રીત કરાશે. આ માહિતીનુ વેરીફીકેશન કર્યા બાદ જ લાભાર્થીઓને રાહત રકમ મક્કશે.

# ભાજપ, આરએસએસ કૌરવો જેવા કોંગ્રેસના કાર્યકરો અને નાગરીકો મતચોરોને ગાદી ખાલી કરવા માટે મજબુર કરી શકે છે : રાહુલ ગાંધી



પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ આરએસએસ ને કૌરવો જેવા ઘણાવીને કોંગ્રેસના અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસના કાર્યકરો અને નાગરીકો મતચોરોનો ગાદી ખાલી કરવા માટે મજબુર કરી શકે છે, ગુજરાતના જુનાગઢ શહેરમાં સંગઠન સૃજન અભિયાન હેઠક્ક આયોજીત કાર્યક્રમમાં કોંગ્રેસના જિલ્લા અને શહેર એકમોના પ્રમુખોને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ આ ટીપ્પણી કરી હતી. કોંગ્રેસ સેવા દક્કના રાષ્ટ્રીય પ્રમુખ લાલજી દેસાઈ કે જેઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા , તેમણે રાહુલ ગાંધીના સંબોધન વિશે મીડીયાને માહિતી આપી હતી અને કહ્યુ કે તેમણે પાર્ટીના કાર્યકરોને મુખ્ય મુદ્દાઓથી ન ભટકવા અનુરોધ કર્યો હતો.

લાલજી દેસાઈએ વધુમાં જણાવ્યુ હતુ કે રાહુલજીએ અમને કહ્યુ હતુ કે ભાજપ અને આરએસએસ ના નેતાઓ મહાભારતના કૌરવો જેવા છે, જયારે કોંગ્રેસના કાર્યકરો પાંડવોની ભુમિકામાં છે, બધા જાણે છે કે ભાજપ પહેલા સત્તામાં આવવા માટે લોકોને વિભાજીત કરે છે અને પછી બધા સંસાધનો લુંટે છે, કોંગ્રેસના કાર્યકરોએ આવી વિચારધારા સામે લડવાની જરૂર છે. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યુ કે તેમનો પક્ષ દેશના નાગરીકો વતી રાજકીય લડાઈ લડી રહ્યો છે. રાહુલ ગાંધીએ વધુમાં પક્ષના કાર્યકરોએ મુખ્ય મુદ્દાઓથી ન ભટકવા પણ અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે આપણે ખરેખર લોકોની લડાઈ લડી રહ્યા છીએ, એક દિવસ લોકોના સમર્થનથી કોંગ્રેસના કાર્યકરો આ મતચોરોને ગાદી ખાલી કરવા મજબુર કરી શકે છે,

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી ૨૦૨૪ ની લોકસભા ચુંટણી દરમિયાન વ્યાપક મતદાર હેરાફેરીનો આરોપ લગાવી રહ્યા છે. તેઓ ભાજપ પર ભારતીય ચુંટણીપંચની મદદથી ગેરરીતીઓ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. ચુંટણીપંચ અને ભાજપે આ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢયા છે. દરમિયાન જુનાગઢ જિલ્લાના કેશોદ એરપોર્ટ પર બપોરે આગમન સમયે મીડીયા સાથે વાત કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે દરેક જગ્યાએ લોકો વોટ ચોર ના નારા લગાવી રહ્યા છે.

એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ કે મણીપુર લાંબા સમયથી મુશ્કેલીમાં છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સંઘર્ષગ્રસ્ત રાજયની મુલાકાત હવે મોટી વાત નથી. કારણ કે મત ચોરી હાલમાં દેશ સમક્ષ મુખ્ય મુદ્દો છે.

## માલધારી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું

# ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા ઘેટા-બકરા ચરાવતા યુવકનું મોત

## પોલીસે વાડી માલિક કનુભા રાઠોડની ધરપકડ કરી છે કેમકે તેમણે પાક રક્ષણ માટે આ ઈલેક્ટ્રીક વાયર લગાવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા) જામનગર,

જામનગરઃ બેરાજા ગામે ખેતરની ફેન્સીંગમાંથી વીજ શોક લાગતા માલધારી યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જેને લઈને વાડી માલિક સામે પોલીસે ગુનો નોંધી તેમની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બેરાજા ગામની સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં ઘેટા-બકરા ચરાવતી વેળાએ દુર્ઘટના સર્જાઈ હતી. વાડી વિસ્તારમાં ખેતરના શેઢે યુવાનને વીજશોક લાગ્યો હતો, જે જીવલેણ નિવડતા પરિવારજનોમાં અરેરાટી મચી છે. બીજી બાજુ ખેતરની ફરતે ફેન્સીંગ લગાવનાર ખેડૂત સામે પોલીસે બેદરકારી દાખવવા અંગે ગુનો નોંધી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરના બેરાજા ગામની સીમમાં તા. ૧૨, સપ્ટેમ્બર ૨૦૨૫ને શુક્રવારે બપોરના આશરે દોઢેક વાગ્યાની આસપાસ બેરાજા ગામે રહેતા ૩૨ વર્ષીય ભુપતભાઇ હરજીભાઇ ઢુંગા નામનો માલધારી યુવાન ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં ઘેટા બકરા ચરાવવા ગયો હતો. જયાં ઉગમણી સીમમાં જગા ડેમની કેનાલની બાજુમાં આવેલ ગૌચરની જમીનમાં બેરાજા ગામમાં રહેતા કનુભા ઉર્ફે ભીખુભા રામસંગ રાઠોડે કપાસનું વાવેતર કર્યું હતું. તે ખેતરમાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

ગૌચરની જમીનમાં કપાસના વાવેતર કરાયા બાદ પાકના રક્ષણ માટે ખેતરના શેઢાની ફરતે ઈલેક્ટ્રીક શોકના વાયર ફીટ કર્યાં હતાં. ઈલેક્ટ્રીક વીજ વાયર દ્વારા ખુલ્લામાં શોર્ટ મુકવાથી માનવ અને પશુ મૃત્યુ અંગે જાણકારી હોવા છતાં આરોપીએ વાયરમાં વીજ શોક ચાલુ રાખ્યો હતો. જેથી વાયરને અકસ્માતે અડકી જતાં ભુપતભાઇ હરજીભાઇ ઢુંગાને ઈલેક્ટ્રીક શોક લાગ્યો હતો. જે જીવલેણ નીવડતા તેનું મોત નિપજ્યું છે.

હાલ આ સમગ્ર મામલો પંચકોશી એ. ડિવિઝન પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. ત્યારે પંચકોશી એ. ડિવિઝન પોલીસે મૃતકના ભાઈ રમેશભાઇ હરજીભાઇ ઢુંગાની ફરિયાદના આધારે કનુભા ઉર્ફે ભીખુભા રામસંગ રાઠોડ સામે ગુન્હો દાખલ કરી વાડી માલિકની ધરપકડ કરી છે અને આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે.



# ગુજરાતમાં નવરાત્રી અગાઉ મેઘરાજા ધમાકેદાર બેટીંગ માટે તૈયાર : આજે તા. ૧૩ સપ્ટે. થી ૭ દિવસ સુધી વરસાદની આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૭ દિવસ એટલે કે આજે ૧૩ સપ્ટેમ્બર થી ૧૯ સપ્ટેમ્બર સુધી રાજયના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર ના કચ્છ અને દક્ષિણ ગુજરાતના અમુક જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. આ સાથે જ આ વરસાદી સિસ્ટમની અસર મધ્ય અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ જોવા મળશે.




આજે તા. ૧૩ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી રાજયના વિવિધ ભાગોમાં વરસાદ પડશે, આજે ૧૩ સપ્ટેમ્બર ના રોજ સમગ્ર રાજયમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા થી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આજે તા. ૧૪ સપ્ટેમ્બર ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, મહિસાગર, પંચમહાલ અને દાહોદમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા થી મધ્યમ વરસાદ તેમજ વડોદરા , નર્મદા, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી અમુક સ્થળોને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આવતી કાલે તા. ૧૫ સપ્ટેમ્બર ના રોજ કચ્છમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા થી મધ્યમ વરસાદ અને વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી ના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરાઈ છે. તો બીજી તરફ બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદરમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવા થી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

તો બીજી તરફ હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ૧૬ સપ્ટેમ્બર ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ, ગાંધીનગર અને અમદાવાદમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે તો બીજી તરફ વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર, ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી ના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. તો બીજી તરફ સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદરમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે. તો બીજી તરફ ૧૭ સપ્ટેમ્બર ના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, પંચમહાલ, દાહોદ, ખેડા, આણંદ, ગાંધીનગર અને અમદાવાદમાં છુટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ થશે.

તો બીજી તરફ વડોદરા, નર્મદા, છોટા ઉદેપુર , ભરૂચ, સુરત, નવસારી, તાપી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીના ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરાઈ છે. તો બીજી તરફ સુરેન્દ્રનગર, મોરબી, દેવભુમિ દ્વારકા, જામનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદરમાં ઘણા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

# ગુજરાત ભાજપમાં ગેંગવોર જેવી સ્થિતિ : કોંગ્રેસમાં પદોનો લાભ લઈ ભાજપમાં જનારાની હાલત જગજાહેર છે : અમિત ચાવડાએ અર્જુન મોઢવાડીયા પર સાધ્યુ નિશાન

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ અને તેના નેતાઓ પર આકરા પ્રહારો કર્યા છે. નામ લીધા વિના પૂર્વ કોંગ્રેસ નેતા અને હાલ ભાજપના નેતા અર્જુન મોઢવાડીયા પર નિશાન સાધતા ચાવડાએ જણાવ્યુ હતુ કે કેટલાક લોકોને કોંગ્રેસે મોટા પદો આપ્યા, વરસો સુધી હોદ્દા પર રાખ્યા પરંતુ તેમણે કોંગ્રેસ દ્વારા ઓળખ બનાવીને ભાજપમાં જોડાઈ ગયા, આજે તેમની હાલત શું છે એ સૌ કોઈ જાણે છે, આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.

ચાવડાએ વધુમાં કહ્યુ કે કોંગ્રેસે કેટલાક નેતાઓને મોટા પદો આપ્યા હતા, કોંગ્રેસ દ્વારા જ તેમણે પોતાની ઓળખ બનાવી હતી પરંતુ તેમણે પક્ષ છોડી ભાજપનો દામન પકડી લીધો હતો. આજે તેમની હાલત ગુજરાતની જનતા સામે સ્પષ્ટ છે. આ નિવેદન અર્જુન મોઢવાડીયા પર સીધો હુમલો માનવામાં આવે છે, જેમણે ૨૦૨૪ માં કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા, મોઢવાડીયા કોંગ્રેસમાં ધારાસભ્ય અને વિપક્ષના નેતા રહી ચુકયા છે, ચાવડાએ ભાજપ પર આકરા પ્રહાર કરતા કહ્યુ કે ભાજપમાં આંતરીક વિખવાદ ચરમ સીમા પર છે. તેમની અંદર ગેંગવોર જેવી સ્થિતી ચાલી રહી છે, તેમણે આગળ કહ્યુ કે ભાજપમાં જુથબંધી અને આંતરીક લડાઈઓથી પાર્ટીનુ સંગઠન નબળુ પડી રહ્યુ છે, આ ટીપ્પણી ભાજપના અંદરની રાજકીય ગતિવિધીઓ અને નેતાઓ વચ્ચેના સંઘર્ષોનો ઉલ્લેખ કરે છે, જેમાં મોઢવાડીયા જેવા નવા જોડાયેલા નેતાઓની ભુમિકા પણ ચર્ચામાં છે, પાછલા દિવસોમાં કોંગ્રેસમાંથી ભાજપમાં જતા નેતાઓને સારા પદો આપવા બાબતે રાજકીય કાવાદાવા સામે આવ્યા હતા તે વખતે બીજેપીના ટોચના નેતૃત્વ ઉપર એવા આરોપ લગાવવામાં આવી રહ્યા હતા કે ઘરના છોકરા ઘંટી ચાંટે અને પારકા લોટ ખાય, એટલે કે કોગ્રેસમાંથી આવેલા નેતાઓને મસમોટા પદો તો વરસોથી ભાજપમાં રહીને મહેનત કરતા નેતાઓને નજર અંદાજ કરવામાં આવી રહ્યા છે, અમિત ચાવડાના આ નિવેદનથી ગુજરાતના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવ્યો છે. ખાસ કરીને ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણી અગાઉ વર્તમાન સમયમાં અમિત ચાવડા એક નવા રૂપ જ રંગમાં દેખાઈ રહ્યા છે. તેઓ પાછલા કેટલાક સમયથી અડધી પીચે આવીને બેટીંગ કરી રહ્યા હોય તેવુ દેખાઈ રહ્યુ છે. તો સામે છેડે બીજેપી બેક ફુટ ઉપર ધકેલાઈ રહી છે. ચાવડાનો આ હુમલો ભાજપની આંતરીક નબળાઈઓને ઉજાગર કરી દીધી છે. જયારે મોઢવાડીયા પરની ટીપ્પણીઓ કોંગ્રેસમાં રહીને પક્ષના વફાદાર ન હોય તેવા નેતાઓને આડકતરો સંદેશ આપવામાં આવ્યો હોવાનુ કહેવામાં આવી રહ્યુ છે. ભાજપ તરફથી હજુ સુધી આ નિવેદન પર કોઈ સત્તાવાર પ્રક્રિયા મીડીયા સામે આવી નથી.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારની લીધી મુલાકાત : મુખ્યમંત્રીની સાથે સાંસદ ગેનીબેન ઠાકોરે પણ પુરગ્રસ્ત વિસ્તારની લીધી મુલાકાત

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ બનાસકાંઠાની મુલાકાત લીધી હતી. દરમિયાન તેમણે પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. સુઈગામ તાલુકાના ભારે વરસાદથી પ્રભાવિત વિસ્તારો અને થરાદનુ નાગલા ખાનપુર ગામ જે વરસાદી પાણીમાં ગરકાવ થયુ છે, ત્યાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પહોચ્યા હતા અને તમામ પરીસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમની સાથે અધ્યક્ષ શંકર ચૌધરી, પ્રભારી મંત્રી બલવંતસિંહ રાજપુત સહિત અન્ય નેતાઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અગાઉ સાંસદ ગેનીબેન ઠાકોરે પણ મુખ્યમંત્રી સાથે મુલાકાત કરી ૧ હજાર કરોડ ના રાહત પેકેજની માંગ કરી હતી. રાજયના બનાસકાંઠા જિલ્લામાં હાલ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. મોટાભાગના તાલુકાઓ પુરગ્રસ્ત થતા જનજીવન




પ્રભાવિત થયુ છે. ભારે વરસાદથી સુઈગામ તાલુકાના અનેક ગામડાઓ અને થરાદનુ નાગલા ખાનપુર ગામ પુર થી સંપૂર્ણ રીતે પ્રભાવીત થયુ છે, આથી આજે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના નેતાઓ અને અધિકારીઓ સાથે નાગલા ખાનપુર ગામે પહોચ્યા હતા અને પુરગ્રસ્ત ગામની સ્થિતિની સમિક્ષા કરી હતી. મુખ્યમંત્રીએ ગ્રામજનોને તમામ જરૂરી મદદની ખાત્રી આપી હતી. મુખ્યમંત્રીની સાથે અધ્યક્ષ શંકર ચૌધરી તેમજ પ્રભાવી મંત્રી બલવંતસિંહ રાજપુત પણ હાજર રહ્યા હતા.

આ અગાઉ સાંસદ ગેનીબેને બનાસકાંઠા ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી અને પુરગ્રસ્ત વિસ્તારો માટે રાહત પેકેજની માંગ કરી હતી. મળતી માહિતી અનુસાર ૧ હજાર કરોડનુ રાહત પેકેજ આપવા ગેનીબેને મુખ્યમંત્રીને માંગ કરી છે. જે હેઠળ પુરગ્રસ્ત વિસ્તારોને હેકટર દીઠ ૫૦ હજાર સહાય આપવા માંગ કરાઈ છે. આ સાથે વિકટ પરીસ્થિતિમાં ટીકા ટીપ્પણીઓથી દુર રહી મદદ કરવા બનાસકાંઠા સાંસદે નેતાઓ અને અગ્રણીઓ લોકોને અપીલ કરી છે. ખેતરના માલીકો સાથે ભાગીયાઓને પણ નુકશાનીનુ વળતર મળી રહે તેવી વ્યવસ્થા કરવા સાંસદ દ્વારા માંગ કરાઈ છે.

# હર્ષભાઈ ગુજરાતમાં શું થવા બેઠુ છે ? હવે તો ગુજરાતમાંથી મતદારો ઓછા થવા જઈ રહ્યા છે : રોડની સાઈડમાં યુવકનુ કપાયેલુ માથુ મળ્યું : થોડી દુર રૂમમાંથી ધડ પણ મળ્યું : હત્યા કરી લાશ ફેંકી દીધાની શંકા

પ્રતિનિધિ,ગાંધીનગર

ડાયમંડ સીટી સુરતમાં એક ચોંકાવનારી ઘટના બનવા પામતા સુરતવાસીઓમાં હવે એક જ સુર ઉઠી રહ્યો છે કે હર્ષભાઈ ગુજરાતમાં હવે શું થવા બેઠુ છે ? હવે તો ગુજરાતમાંથી મતદારો ઓછા થવા જઈ રહ્યા છે કારણ કે દિનદહાડે હત્યા, લુંટ થી સુરતવાસીઓ ગભરાઈ અને ભયભીત થઈ રહ્યા છે,




સુરત શહેર એ ગૃહમંત્રીનુ શહેર કહેવાય છે, શહેરના લસ્કાણા વિસ્તારમાં રોડની સાઈડમાં યુવકનુ કપાયેલુ માથુ પડયુ હતું. આ જોતા કોઈએ પોલીસને જાણ કરતા કાફલો દોડી આવ્યો હતો, તપાસ કરતા નજીકના રૂમમાંથી જ યુવકનુ ધડ મળી આવ્યુ હતું. આ ઘટનાએ સુરત શહેરભરમાં ભારે ચકચાર મચાવી મુકી છે. મળતી માહિતી પ્રમાણે સુરતના લસ્કાણા વિસ્તારમાં આવેલા વિપુલનગરમાં રોડ સાઈડમાં એક યુવકનુ કપાયેલુ માથુ મળી આવ્યુ હતું.

ઘટનાની જાણ થતા લસ્કાણા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. માથુ મળ્યુ ત્યાંથી થોડી દુર આવેલી રૂમમાંથી ધડ પણ મળી આવ્યુ હતું. યુવકની હત્યા કરી લાશને ફેંકી દેવામાં આવી હોવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે, પોલીસ દ્વારા મૃતકની ઓળખ પરેડ શરૂ કરાઈ હતી. પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આ ઘટના જયાં બની છે ત્યાંથી લસ્કાણામાં પોલીસ સ્ટેશનથી ૪૦૦ મીટર જ દુર છે. યુવકની હત્યા કોણે કરી અને યુવક કોણ છે તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લાની તમામ અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ ગઈ

પ્રતિનિધિ,ગાંધીનગર




રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ (નાલશા) ના આદેશ અનુસાર સમગ્ર ભારતમાં તા. ૧૩/૯/૨૦૨૫ ના રોજ વર્ષ ૨૦૨૫ ની ત્રીજી રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવેલ જેના ભાગરૂપે નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળ, અમદાવાદ ના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લાની તમામ અદાલતોમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ શ્રી અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ શ્રી કે આર રબારી તથા સચિવ શ્રી નાઓની અધ્યક્ષતામાં સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તથા તાલુકા કોર્ટના બાર એસોસીએશનના પ્રમુખ તેમજ વકીલો, પક્ષકારો, અદાલતમાં ફરજ બજાવતા કર્મચારી મિત્રો સહભાગી થઈને લોક અદાલતને સફળ બનાવવામાં પુરતુ યોગદાન આપ્યુ હતું.

સાબરકાંઠા જિલ્લામાં મોટર અકસ્માત વળતર ના કેસોમાં કુલ ૩૩ કેસોનો સમાધાનથી નિકાલ કરીને રૂપીયા ૨,૮૬,૦૨,૦૦૦ કરોડનુ વળતર ચુકવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લામાં કાર્યરત મેજીસ્ટ્રેટ દ્વારા પેન્ડીંગ કેસો પૈકી લોક અદાલત અને સ્પેશ્યલ સીટીંગ ના એમ કુલ ૭૯૩૮ કેસો, રકમ, રૂપીયા ૧૯,૫૧,૫૨, ૮૫૪ .૫૦ ના કેસોનુ સમાધાનથી નિકાલ થયેલ તેમજ ટ્રાફીક ઈ-ચલણ સહિત બેંક લેણાંના કેસો, વીજ બીલ, પાણી બીલ, વીજ ચોરી, રેવન્યુ જેવા બીજા અન્ય પ્રિ-લીટીગેશન કેસોમાંથી કુલ ૩૨૨૩ કેસો રકમ રૂપીયા ૧,૩૫,૧૧,૩૫૯.૪૬ કરોડના કેસોનુ સુખદ સમાધાનથી નિકાલ થયેલ છે. આમ કુલ મળી સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૧૧૬૧ કેસોનો સમાધાનથી નિકાલ થયેલ છે.

# રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાંતિજના વદરાડ ગામમાં સ્વચ્છતા હાથ ધરી : સ્વચ્છતાના સંદેશ સાથે સ્વચ્છતાને સંસ્કાર બનાવવાની કરી અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે પધારેલા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેમના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન પ્રાંતિજ તાલુકાના વદરાડ ગામમાં સ્થાનિક સફાઈ કર્મીઓ સાથે સ્વચ્છતા હાથ ધરી હતી.

સ્વચ્છતા બાદ રાજયપાલશ્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરતા ગ્રામજનોને સ્વચ્છતાનુ મહત્વ સમજાવ્યુ હતું. તેમણે ગામના સફાઈકર્મીઓને બિરદાવ્યા હતા અને સ્વચ્છતાને સંસ્કાર બનાવવાની પણ તેમણે અપીલ કરી હતી. રાજયપાલશ્રીએ સ્વચ્છતાની સતત કાળજી રાખવા સાથે, કયાંય પણ ગંદકી નહી કરવા તેમજ તંદુરસ્ત જીવન માટે સ્વચ્છતા ખુબ જ જરૂરી છે તેવુ તેમણે જણાવ્યુ હતું. આ પ્રસંગે સાંસદ, રાજયસભા સાંસદ, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, ધારાસભ્ય વી ડી ઝાલા, જિલ્લા કલેકટર લલીત નારાયણસિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા ડો. પાર્થરાજસિંહ ગોહિલ, અધિક નિવાસી કલેકટર સુશ્રી કિષ્ણા વાઘેલા, પ્રાંતિજ પ્રાંત અધિકારી આયુષી જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, અગ્રણીઓ , ગ્રામજનો અને કર્મચારીઓ તેમજ સફાઈકર્મીઓ જોડાયા હતા.

# ભાજપના જ પૂર્વ સાંસદે સરકારના ભ્રષ્ટાચારની ખોલી પોલ : ભ્રષ્ટ રાજકારણીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગતને લીધે થઈ રહેલો ભ્રષ્ટાચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકાર લાખો કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવીને શહેર અને ગ્રામ્ય વિસ્તારના રોડ રસ્તા પેરીસ જેવા થઈ જશે તેવી ડીંગો હાંકે છે, ત્યારે બીજી તરફ ભાજપના પૂર્વ સાંસદે જ ભાજપ સરકારની પોલ ખોલી રસ્તાના કામોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કર્યો છે. પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ સરકાર પર નિશાન તાકતા કહ્યુ કે એક રૂપીયાનો ખર્ચ દેખાડાય છે પણ કામ તો માત્ર ૩૦ પૈસાનુ જ થાય છે, આ પરથી કેટલી હદે ખાયકી કરવામાં આવી રહી છે તેનો અંદાજ આવી શકે તેમ છે, એક પછી એક ભાજપના સાંસદ , ધારાસભ્ય, નેતાઓ હવે ખુલીને સરકાર સામે નિવેદનબાજી કરતા થયા છે. ભારે વરસાદને કારણે આખાય રાજયમાં મોટા ભાગના વિસ્તારોમાં રોડ રસ્તા ધોવાયા છે.



રસ્તામાં ખાડા પડી જતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આ વખતે પણ ચોમાસાએ રસ્તાની કેટલી મજબુતાઈ છે તેની પોલ ઉઘાડી કરી દીધી છે. અત્યારે ખાડાવાળા રોડ ને લીધે જ સરકાર પર માછલા ધોવાઈ રહ્યા છે. આ કારણોસર સમારકામનો દેખાડો કરીને પ્રજાનો રોષ ઠારવા સરકારે ધમપછાડા કર્યા છે. તો બીજી તરફ અમરેલીના પૂર્વ સાંસદ નારણ કાછડીયાએ ફરી એકવાર સરકાર સામે મોરચો માંડયો છે. તેમણે આક્ષેપ કર્યો છે કે રાજયમાં રસ્તા બનાવવામાં વ્યાપકપણે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. ભ્રષ્ટ રાજકારણીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગતને લીધે આ સ્થિતિ સર્જાઈ છે. રાજયમાં રસ્તાની એવી દુર્દશા થઈ છે કે લોકો રેલ્વેની મુસાફરી કરવા મજબુર થયા છે. તેમણે ઉદાહરણ ટાંકયુ કે અમરેલીથી સુરત જવુ હોય તો ૧૮ કલાક થાય છે, અત્યાર સુધી ભાજપના નેતાઓ કોંગ્રેસ પર આક્ષેપ કરતા હતા કે કેન્દ્રમાંથી એક રૂપીયો મોકલાય તો અરજદારને ૨૦ પૈસા જ મળે છે, હવે ઘડીયાળના કાંટા ઉંધા ફર્યા છે, ભાજપના સાંસદ ખુલ્લેઆમ કહેતા થયા છે કે રોડ રસ્તા માટે એક રૂપીયો ખર્ચ દેખાડાય છે પણ વાસ્તવમાં ૩૦ પૈસાનુ જ કામ થાય છે. એટલે કે ૭૦ પૈસાની ખાયકી થઈ રહી છે, આમ ભાજપના પૂર્વ સાંસદે ભ્રષ્ટાચાર મુકત ગુજરાતની પોલ ખુલ્લી પાડી દીધી છે.

# સ્વ. વિજય રૂપાણીની રાજકોટ અંતિમ યાત્રાનો ખર્ચ હવે પરીવારને ભોગવવો પડશે તેવુ ભાજપે સંભળાવી દીધું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતાપુત્ર સ્વ. વિજય રૂપાણીના અમદાવાદ વિમાની દુર્ઘટનામાં થયેલા નિધન બાદ એક તરફ સમગ્ર ગુજરાતમાં શોકની સ્થિતિ હતી અને રાજ્યના લોકોએ સ્વ.રૂપાણીને ભારે હૃદયે અંતિમ વિદાય આપી હતી તે સમયે રાજકોટમાં યોજાયેલી અંતિમ યાત્રાનો થયેલ ખર્ચ ભાજપે રૂપાણી પારીવારનો ભોગવવા માટે કહી દેતા જબરૂ આશ્ચર્ય સર્જાયુ છે. સુત્રોના કહેવા પ્રમાણે રાજ્ય સરકારે પૂર્વ મુખ્યમંત્રીને ગાર્ડ ઓફ ઓર્નર આપીને ફરજ બજાવી હતી.



જયારે સ્વ.રૂપાણીની અંતિમ યાત્રા રાજકોટમાં યોજવા નિર્ણય લેવાયો હતો. તે સમયે પક્ષ દ્વારા જ તમામ તૈયારીઓ થઈ હતી અને રાજકોટમાં શ્રધ્ધાજંલીના હોર્ડિંગ વગેરેલગાડેલા હતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહસહિતના મહાનુભાવો પણ સ્વ રૂપાણીને અંતિમ વિદાય આપવા આવ્યા હતા. આમ ભાજપે ભવ્ય વિદાયમાન આપ્યું હોવાનુ વાતાવરણ બન્યુ હતું.

હવે પક્ષે આ અંતિમ યાત્રાનો ખર્ચ અંદાજે રૂપીયા ૨૫ લાખ જેટલો ખર્ચ પરીવારે ભોગવવાનો રહેશે તેવુ જણાવી દેતા જ રૂપાણી પરીવારને જબરો આઘાત લાગ્યો છે. પરીવારના નજીકના સુત્રોએ કહ્યુ હતુ કે પૈસાનો પ્રશ્ન નથી પરંતુ વિજયભાઈ રૂપાણીએ તેમના રાજકીય જીવનમાં રાજકોટ શહેર ભાજપ અને ગુજરાત ભાજપ માટે જે રીતે ઘસાઈને કામ કર્યુ છે

તે જોતા પક્ષનુ આ પ્રકારનુ વલણ અત્યંત પીડાદાયક છે અને પક્ષ દ્વારા આ અંગે કોઈ પૂર્વ જાણ કરવામાં આવી ન હતી આમ હવે આ વિવાદ આગામી દિવસોમાં ભાજપમાં નવી ચર્ચા જગાવે તેવી શકયતા છે.

# બનાસકાંઠા જિલ્લાના પુરગ્રસ્ત વિસ્તારોમાં વાવના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર પહોચતા સ્થાનિકોએ લીધો ઉધડો

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી જે રીતે ભારે વરસાદના કારણે પુરની પરીસ્થિતિ ઉભી થઈ તેના કારણે રાજકીય ગરમાવો પણ જોવા મળી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લાના કેટલાક ગામડાઓમાં પુરના પાણી ઘુસી ગયા હતા , હજુ સુધી ધીમે ધીમે પાણી ઓસરી રહ્યા છે, બનાસકાંઠા માં જે તરાજી સર્જાઈ તે વિસ્તારોની મુલાકાતે રહી રહીને ભાજપના વાવ ના ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર પહોચ્યા હતા અને આ વિસ્તારના લોકોએ સ્વરૂપજી ઠાકોરનો રીતસર ઉધડો લીધો



હતો. તમે જો ધારાસભ્ય છો તો તમારી ફરજ આવે છે કે તમે સમયસર લોકોની મદદે પહોચો, પણ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર આજે છેક મોડે મોડે પહોચ્યા અને લોકોના ફોન પણ ન હતા ઉઠાવતા તેવી ફરીયાદ પણ લોકો દ્વારા કરવામાં આવી હતી. ગ્રામજનોએ સ્વરૂપજી ઠાકોર પર આરોપ લગાવ્યો કે તેમણે લોકોના ફોન ઉપાડયા નથી, કેટલાક લોકોએ ૩ દિવસ પહેલા ફોન કર્યા હોવા છતાં તેમણે કોઈ જવાબ આપ્યો ન હતો, વાવના અનેક ગામડાઓ હજુ પણ પાણીમાં ગરકાવ છે અને કેટલાક ગામડાઓમાં પાણી ઓસર્યા નથી. કેટલાક ગામડાઓમાં હજુ પણ ફુડ પેકેટ પહોચ્યા નથી. સ્વરૂપજી ઠાકોરે લોકોને કહ્યુ કે ફુડ પેકેટ સહિતની વસ્તુઓ લેવા માટે તેમને જાતે જ જવુ પડશે કારણ કે કોઈ વાહન નથી.